નગર મારું પાટનગર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

ધુળેટીની સાંજે સરગાસણ સર્કલ નજીક ગમખ્વાર અકસ્માત

# મંગળવારે "મધુર" દૂધ "અમુલ" પેટર્નમાં તબદીલ કરવા માટે એમ.ઓ.યુ. કરાશે

## રાજ્યના સહકાર મંત્રીની ઉપસ્થિતિમાં એમ.ઓ.યુ. સંપન્ન કરાયા બાદ "ટેસ્ટ ઓફ કેપિટલ" "ટેસ્ટ ઓફ ઈન્ડિયા"માં તબદીલ થશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૨૯મી માર્ચને



મંગળવારના રોજ મધુર ડેરી અને અમુલ ડેરી વચ્ચે "અમુલ" પેટર્નથી દૂધ અને છાશના વેચાણ માટેના એમ.ઓ.યુ. થશે.

આ એમ.ઓ.યુ. કરવાના પ્રસંગે રાજ્યના સહકાર મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા અને રાજ્યના સહકારી આગેવાન તેમજ રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહેનાર છે.

બે લાખ લીટરથી પણ વધુ દૂધનું વેચાણ ધરાવતી મધુર ડેરી હવે "અમુલ" પેટર્ન અપનાવવા આગળ વધી રહી છે. આ એમ.ઓ.યુ. થયા બાદ એપ્રિલ માસથી તેનુ દૂધ અને છાશનું વેચાણ "અમુલ"ના નામથી થશે. અર્થાત્ દૂધ અને છાશનો ટેસ્ટ ઓફ કેપિટલ નહિ પણ "ટેસ્ટ ઓફ ઈન્ડિયા" બનશે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન સાથે સંકળાયેલ છે અને ફેડરેશનમાં લેવાયેલ નિર્ણય અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સપ્તાહે જ વહીવટીતંત્રમાં વ્યાપક ફેરફારોના ભણકારા

ગાંધીનગર, તા. ૨૫

અંદાજપત્ર સત્ર પૂર્ણ થયા બાદ આગામી એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વહીવટીતંત્રમાં બદલી બઢતીનો દોર હાથ ધરીને ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના વિવિધ વિભાગોમાં કેટલીક ઉચ્ચ સંવર્ગની જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ બીજા અધિકારીઓ ચાર્જમાં ધરાવે છે. આ ઉપરાંત કેટલાક વિભાગોના વડાઓને એક જ સ્થળે ત્રણ વર્ષ કરતા વધુ સમય થયો છે.

આથી આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આગામી ૩૧મી માર્ચના રોજ વિધાનસભાનું અંદાજપત્ર સત્ર પૂર્ણ થવાનું છે. આથી સરકાર પણ ફ્રિ થશે.

આ સત્ર બાદ પ્રથમ તબક્કામાં સચિવાલયના વિભાગોના વડાઓની બદલી બઢતીનો દોર હાથ ધરવામાં આવશે. ત્યારબાદ જિલ્લા કલેક્ટર ડી.ડી.ઓ.ની બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. થોડા સમય અગાઉ ગેસ કેડરના ૧૨ જેટલા અધિકારીઓને સનદી અધિકારી તરીકે બઢતી આપવામાં આવી હતી. જો કે આ અધિકારીઓને હજુ નિમણુંકો આપવાની બાકી છે.

વહીવટીતંત્ર ઉપરાંત રાજ્યના પોલીસતંત્રમાં પણ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને ટુંક સમયમાં બદલી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# વાદળછાયા વાતાવરણ વચ્ચે શહેરમાં અસહ્ય બફારો

## મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી નોંધાયું : બફારાથી શહેરીજનો પરેશાન



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

આકરા ઉનાળાના દિવસો વચ્ચે આજે વાતાવરણમાં ફેરફાર થયો હતો. આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે ધૂંધળુ વાતાવરણ છવાયું હતું.

ઉનાળો અસહ્ય ગરમી વરસાવી રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની નજીક રહેતા તીવ્ર ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. જો કે આજ સવારથી જ વાતાવરણમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. આકાશમાં વાદળોની અવરજવર જોવા મળી હતી. આકાશમાં વાદળો છવાતા સૂર્યનો તડકો મંદ પડી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ધુળેટીની સાંજે સરગાસણ સર્કલ નજીક ગમખ્વાર અકસ્માત

## આઈ-૨૦ ગાડી ડીવાઈડર કુદીને રેલીંગ તોડી, સામેના માર્ગે આવતી વેગનઆર ગાડી સાથે ટકરાઈ : બન્ને ગાડીના ચાલક મોતને ભેટ્યા : ત્રણ ઘાયલ : આઈ-૨૦ સળગી ગઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક સરગાસણ





ચાર રસ્તાથી તારાપુર જતા હાઈવે પર ધુળેટીની સાંજે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતિએ જતી આઈ-૨૦ ગાડી ડીવાઈડર કુદાવીને રેલીંગ તોડી, સામેના માર્ગ પરથી આવતી વેગનઆર ગાડી સાથે ધડાકાભેર ટકરાતા સર્જાયેલા આ અકસ્માતમાં આઈ-૨૦ ગાડી સળગી ઉઠી હતી. આ ઘટનામાં બન્ને ગાડીના ચાલકો મોતને ભેટ્યા હતા. જ્યારે અન્ય ત્રણ ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે. આઈ-૨૦ સળગી ઉઠતા ગાંધીનગર ફાયરબ્રિગેડનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો અને આગ કાબુમાં લઈ લીધી હતી.

અમદાવાદના થલતેજ આસપાસના વિસ્તારના પાંચ મિત્રો ૨૨ વર્ષિય સુનિલ હમીરરામ ચૌધરી, કરણ યોગેશભાઈ નાયક, ધારવ હરેશભાઈ સોની, દિલીપ બાબુભાઈ નીનવાણી અને વિનિત ભાટીયા આઈ-૨૦ ગાડી નં. જીજે-૦૧.કે.બી.૧૦૨ લઈને ગાંધીનગર આવ્યા હતા અને સાંજે પાંચેય મિત્રો ઘરે જવા માટે નિકળ્યા હતા. તારાપુર પહોંચ્યાને તેમને યાદ આવ્યું કે ઈન્ફોસીટી પાસેથી કાંઈક લઈ જવાનું છે તો આઈ-૨૦ ગાડી કટ પાસેથી પાછી વાળીને પરત ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના આશાસ્પદ યુવાનનું શામળાજી પાસે રેસર બાઈક પરથી પટકાતાં મોત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના આશાસ્પદ યુવાન શ્રી રાજદીપસિંહ જસવંતસિંહ રહેવરનું આજે માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું છે.

શામળાજીથી ગાંધીનગર આવી રહેલ રાજદીપસિંહને સરવણા બ્રીજ પર અકસ્માત નડ્યો હતો અને તેમનું દુઃખદ અવસાન થયું છે. હોટલના વ્યવસાય સાથે સંકળાયેલ રાજદીપસિંહને બાઈકનો આગવો શોખ હતો. તેઓ આજે સવારે સરવણા બ્રીજ પર બાઈક પરથી પટકાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું અવસાન થયું છે.

સ્વ. રાજદીપસિંહની અંતિમ યાત્રા આજે સવારે તેમના સે. ૩ના નિવાસસ્થાનેથી નીકળશે. ગાંધીનગર શહેરમાં રાજદીપસિંહના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતાં ક્ષત્રિય સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

હિંમતનગર તાલુકાના સરવણા બ્રીજ પરથી

● અનુસંધાન પાન-૭ પર




# આઈ.કે. જાડેજાના નેતૃત્વમાં ભાજપના ૮ નેતાઓ મનપા જંગની જવાબદારી સંભાળશે

## આજે પ્રથમ સમન્વય બેઠક ગાંધીનગરમાં સંપન્ન : ૫મી એપ્રિલ સુધીમાં ચૂંટણીની વ્યુહરચનાનો રોડમેપ તૈયાર કરશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગ માટે પ્રદેશ એકમ દ્વારા ૮ ચુનંદા નેતાઓને પસંદ કરી સમગ્ર તથા સંકલન અને ચૂંટણી જવાબદારીની કામગીરી સોંપી છે.

આ ૮ નેતાઓમાં સર્વશ્રી પ્રદિપસિંહજી જાડેજા, શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી કે.સી. પટેલ, શ્રી ભરત પંડ્યા, શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, શ્રીમતિ રમીલાબેન બારા, શ્રી દુષ્યંતભાઈ પંડ્યા અને શ્રી એચ. ગોસ્વામીનો સમાવેશ થાય છે.

આગામી ૫મી એપ્રિલ સુધીમાં આ આગેવાનો મનપાના ચૂંટણી જંગનો રોડમેપ તૈયાર કરી મુખ્ય સંકલન કર્તા શ્રી આઈ.કે. જાડેજાને સુપ્રત કરશે. જેમાં ચૂંટણીની સમગ્રતયા જવાબદારી સહિતની કામગીરી આ નેતાઓ સંભાળશે.

દરમ્યાન આજરોજ મહાનગર ભાજપ દ્વારા સેક્ટર-૭ ખાતે પ્રદેશ પ્રવક્તા તથા પ્રદેશ ઉપાધ્યક્ષ તથા મહાનગરની ચૂંટણીના ઈન્ચાર્જ શ્રી આઈ.કે. જાડેજાના અધ્યક્ષ સ્થાને મહાનગરના કોર્પોરેટરો, હોદ્દેદારો તેમજ પ્રમુખ ઉપાધ્યક્ષ તથા મહાનગરની ચૂંટણીના ઈન્ચાર્જ શ્રી આઈ.કે. જાડેજાના અધ્યક્ષ સ્થાને મહાનગરના કોર્પોરેટરો, હોદ્દેદારો, તેમજ પ્રમુખ કાર્યકર્તાઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શ્રી આઈ.કે. જાડેજાએ ઉપસ્થિત કાર્યકર્તાઓને વિસ્તૃત માહિતી આપી આગામી ચૂંટણી સંદર્ભે કરવાની થતી તૈયારીઓ વિશે સમજ આપી હતી.

શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું કે, હંમેશની માફક આગામી

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com